| | |
|---|---|
| રજુ તારીખ: | તા.૨૪/૦૭/૨૦૧૮ |
| દાખલ તારીખ: | તા.૩૧/૦૭/૨૦૧૮ |
| ફેંસલ તારીખ: | તા૦૭/૦૫/૨૦૨૬ |
| અવધિ: વર્ષ: માસ: દિવસ<br>૦૭ : ૦૯ : ૦૭ | |

**શ્રી રાજેન્દર સિંધ, પ્રમુખ અધિકારી, ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદ.**
**(કલોલ/મહેસાણા કોર્ટ સીટીંગ) સમક્ષ.**

**રેફરન્સ(આઈ.ટી) નં.૧૩૬/૨૦૧૮**

**આંક–૨૦**

**પ્રથમપક્ષકાર :-** **(૧)** ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લી,
થર્મલ પાવર સ્ટેશન પાસે, સેકટર-૩૦, સર્કલ પાસે,
ગાંધીનગર.
**(૨)** જયેશ કન્સ્ટ્રકશન કુ.આઈ–૧૬,
યુનિક સીટી હોમ્સ, પ્રસંગ પાર્ટી પ્લોટ, સામે,
સોલાભાગવત વિધાપીઠ, ગોતાગામ, અમદાવાદ.

**અને**

**બિજા પક્ષકાર :-** મંત્રીશ્રી, અખીલ ગુજરાત જનરલ મઝદૂર સંધ,
બીજો માળ, અરબ ચેમ્બર્સ, પથ્થરકૂવા પેટ્રોલ પંપ સામે,
રીલીફ રોફ, અમદાવાદ.

**વિષય:-** ઔધોગિક વિવાદ ધારો,૧૯૪૭ અન્વયે ન્યાય નિર્ણય કરવા બાબત.

**પ્રતિનીધીત્વ:-** **પ્રથમપક્ષકાર નં.૧ તરફે :-** વિ.વ.શ્રી એ.ડી.ત્રીવેદી.
**પ્રથમપક્ષકાર નં.૨ તરફે :-** કોઇ હાજર નથી.
**બીજાપક્ષકાર તરફે :-** અગાઉ પ્રતીનીધીશ્રી વી.કે.કાઝી.
અને ત્યારબાદ કોઇ નહી.

## –: એવોર્ડ :--

**(૧)..** હાલનો રેફરન્સ શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તા.૧૯/૦૭/૨૦૧૮ ના હુકમ ક્રમાંક : કેએચઆર - ૨૦૧૮ – ૧૮૩ – આઇડીએ–૧૦–૨૦૧૮–૪૧૦૧૮૯–મ(૨)થી આ ઔધોગિક વિવાદ આઈ.ડી.એકટની કલમ-૧૦ (૧) અન્વયે ન્યાય નિર્ણય માટે ઔધોગિક ન્યાયપંચ, અમદાવાદને સુપ્રત કરવામાં આવેલ છે.

**(૨)..** **'' અનુસુચિ ''**

**<u>પરીશીષ્ટ–અ આઇ.ડી.સી:-૧૦૦/૧૬</u>**

(૧) સંસ્થા નં.૧ અને નં.૨ ના વચ્ચેની કોન્ટ્રાકટર લેબર પ્રથા આભાસી, માત્ર દેખાવ પુરતી અને કાગળ ઉપર કરેલ કોન્ટ્રાકટર લેબર પ્રથા છે અને સંસ્થા નં.૧ માત્ર કામદારોના કાયમીના હકકોની વંચીત રાખવા અને તેમને ખુલ્લે આમ શોષણ કરાવવા માત્ર એક વચેટીયા તરીકે કામ કરી રહયા છે, તેથી સંસ્થા નં.૨ ના નેજા હેઠળ કામ કરતા તમામ કામદારોને તેમની મુળ દાખલ તારીખથી સંસ્થા.૧ મુખ્ય કંપનીના કામદારો ગણી અને તે તમામને નં.૧ની કંપનીના તે કક્ષાના કામદારોને મળતા પગારધોરણો અને બીજા તમામ લાભો ચુકવી આપવાની અને તફાવતની રકમ ચુકવી આપવાની સાથે સાથે આ ઔધોગિક તકરાર બાબતે કોઇ સમાધાન ના થાય અથવા કોઇ એવોર્ડના આવે ત્યાં સુધી સંબંધીત તમામ કામદારને યથાવત નોકરીમાં ચાલુ રાખવા કે કેમ?

**<u>અસરકર્તા શ્રમયોગીઓની લીસ્ટ</u>**

| <u>ક્રમ</u> | <u>કામદારનું નામ</u> | <u>દાખલ તારીખ</u> | <u>હોદ્દો</u> |
|---|---|---|---|
| <u>૧</u> | ઠાકોર ગોવિંદજી માધાજી | ૨૦૦૨ | હેલ્પર |
| <u>૨</u> | ઠાકોર કરણસીંહ અંબાલાલ | ૨૦૦૨ | હેલ્પર |
| <u>૩</u> | ઠાકોર કાંતીજી ભઇજીજી | ૨૦૦૨ | હેલ્પર |
| <u>૪</u> | ઠાકોર બચુજી ડાહયાજી | ૨૦૦૨ | હેલ્પર |
| <u>૫</u> | ઠાકોર વિષ્ણુજી જેસંગજી | ૨૦૦૯ | હેલ્પર |
| <u>૬</u> | વાધેલા નરેન્દ્રસીંહ ભવાનસીંહ | ૨૦૦૯ | હેલ્પર |

| | | | |
|---|---|---|---|
| **૭** | બાબુજી જવાજી ઠાકોર | ૨૦૦૨ | હેલ્પર |
| **૮** | ઠાકોર નટવરજી એલ | ૨૦૦૨ | હેલ્પર |
| **૯** | દશરથજી છનાજી ઠાકોર | ૨૦૦૨૨ | હેલ્પર |
| **૧૦** | લલ્લુભાઈ ખેંગારભાઈ રબારી | ૨૦૦૨ | હેલ્પર |
| **૧૧** | ભાભોર અભલાભાઈ દીત્યાભાઈ | ૨૦૦૨ | હેલ્પર |
| **૧૨** | ઠાકોર પોપટજી કાનાજી | ૨૦૧૪ | હેલ્પર |
| **૧૩** | ઠાકોર હસમુખજી અમાજી | ૨૦૧૪ | હેલ્પર |
| **૧૪** | ઠાકોર ઈશ્વરજી જેણાજી | ૨૦૧૪ | હેલ્પર |
| **૧૫** | ભરાડા નિતિનકુમાર મંજીભાઈ | ૨૦૧૧ | હેલ્પર |
| **૧૬** | ભીખાજી પ્રતાપજી ઠાકોર | ૨૦૦૨ | હેલ્પર |
| **૧૭** | હર્ષદજી રમેશજી ઠાકોર | ૨૦૦૨ | હેલ્પર |

**(3)..** સદર કામમાં સરળતા ખાતર પ્રથમ પક્ષકારને સંસ્થા તરીકે અને બીજા પક્ષકારને કામદારો તરીકે સંબોધવામાં આવશે.

**(૪)..** સદર કામે બીજાપક્ષકાર કામદારો તરફે આંક-૦૮ માંગણાનું નિવેદન રજુ કરવામાં આવેલ છે અને અનુસુચીમાં જણાવેલ માંગણીનું પુનરાવર્તન કરી જણાવેલ છે કે, સંબંધીત કામદારો ધ્વારા જે કામગીરી કરવામાં આવે છે તે કાયમી પ્રકારની, સતત અને એકધારી રીતે ચાલતી ફરજીયાત પ્રકારની અને ભવિષ્યમાં પણ કાયમી રીતે ચાલુ રહેનારી કામગીરી છે. વધુમાં કામદારોને કોઈ લેબર કોન્ટ્રાકટરોની કોઈ માહીતી ના હતી અને તેમની ભરતીની કોઈ જાહેરાત પણ ના હતી પરંતુ પ્રથમપક્ષકાર નં.૧ ધ્વારા કામદારોનો સીલેકશન કરી તમામને તે વખતના નકકી કરેલા કોન્ટ્રાકટરના કોન્ટ્રાકટમા નામ ચઢાવી દેવામાં આવેલ. વધુમાં સંબંધીત કામદારોનુ દૈનીક સુપરવિઝન અને કામનુ કંન્ટ્રોલીંગ સંપુણપણે પ્રથમપક્ષકાર નં.૧ ના અધીકારીઓના નિયત્રંણ હેઠળ છે. વધુમાં કોન્ટ્રાકટર બદલવા છતા સતત અને એકપણ દિવસના બ્રેક વગર સંબધીત કામદારો કામગીરી કરતા આવેલા છે અને કોન્ટ્રાકટરો પણ સાચુ અને યોગ્ય લાયસન્સ ધરાવતા નથી. જેથી પ્રથમપક્ષકાર નં.૧ અને તેઓના

કહેવાતા કોન્ટ્રાકટર વચ્ચેની કહેવાતી કોન્ટ્રાકટ લેબર પ્રથા પધ્ધ્તી શામ, બોગસ, આભાસી, માત્ર દેખાવ પુરતી અને ફકત કાગળ ઉપર ઉભી કરેલી કોન્ટ્રાકટ લેબર પ્રથા પધ્ધતી હોવાનું ઠરાવી પરીશીષ્ટ–અ માં જણાવ્યા મુજબના કામદારોને દાખલ તારીખથી પ્રથમપક્ષકાર નં.૧ ના કામદારો ગણવા તેમજ દાખલ તારીખથી પાછળનો પગાર તફાવત તથા અન્ય લાભો ચુકવી આપવા તેમજ રેફરન્સનો ખર્ચ કામદાર દીઠ રૂા.૧૦,૦૦૦/– અપાવવા રજુઆત કરેલ છે.

**(૫)..** આ કામે પ્રથમપક્ષકાર સંસ્થા નં.૧ તરફે આંક-૧૨ થી લેખીત જવાબ રજુ કરવામાં આવેલ છે અને જણાવેલ છે કે, બીજાપક્ષકારનો સદર રેફરન્સ કાયદેસર રીતે ચાલી શકે તમે ન હોઈ રદ થવાને પાત્ર છે અને બીજાપક્ષકારે તેઓના માંગણાના નિવેદનમાં જણાવેલ તમામ દાદમાંની કોઇપણ દાદ મેળવવા હકકદાર નથી તેવુ ઠરાવી વધુમાં જણાવેલ છે કે, પ્રથમપક્ષકાર નં.૧ મેન્ટેન્નસની કામગીરી કોન્ટ્રાકટ(આઉટ સોર્સીગ) પધ્ધ્તીથી ઓપન ટેન્ડર કરી કોન્ટ્રાકટરને સોંપણી કરાવે છે અને નિતી નિયમો અનુસાર ટેન્ડર બહાર પાડવામાં આવે છે. વધુમાં કોન્ટ્રાકટ લાયસન્સ કોન્ટ્રાકટ લેબર એકટ-૧૯૭૦ ની જોગવાઇઓ હેઠળ લેવામાં આવે છે અને પછી જરુરી ટેન્ડર પ્રક્રીયા પુરી કરી કોન્ટ્રાકટરને ટેન્ડર સબબની કામગીરીની સોંપણી કરવામાં આવે છે. વધુમાં સંબંધીત કામદારો અને પ્રથમપક્ષકાર નં.૧ સંસ્થા વચ્ચે માલીક નોકરનો કોઈ સીધો સંબંધ નથી અને કોન્ટ્રાકટર ધ્વારા જરુરી લાયસન્સ મેળવીને કામગીરી આપવામાં આવેલ હોય સદર કામના રેફરન્સમાં જણાવ્યા મુજબના કામદારો કોન્ટ્રાકટરના હોય, માંગણાના નિવેદનમાં જણાવ્યા મુજબની માંગણીઓ કાયદેસર રીતે ટકવાપાત્ર ના હોય, સદર રેફરન્સ રદ જવાને પાત્ર હોવાનું જણાવે છે. વધુમાં પ્રથમપક્ષકાર નં.૧ ને આ કામે ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલ છે અને પ્રથમપક્ષકાર નં.૧ વિરુધ્ધ કોઈ કાયદાકીય કારણ ઉપસ્થિત થયેલ નથી. જેથી સદર રેફરન્સ રદ કરવા રજુઆત કરેલ છે.

**(૬)..** આમ જયારે બીજાપક્ષકાર કામદારોએ સંસ્થાની સામે જે પ્રકારનો વિવાદ ઉપસ્થીત કરેલ હોય તો તે અંગેનાં ઉપલબ્ધ પુરાવાઓ રજુ કરવા જોઈએ. સદર કામે બીજાપક્ષકાર તરફે આંક-૧૬ થી એક સાક્ષીનું એફીડેવીટ રજુ કરેલ છે તેમજ આંક–૧૯ થી દસ્તાવેજી લીસ્ટ પણ રજુ કરેલ

છે પરંતુ તે સાક્ષી ઉલટતપાસ માટે હાજર ના રહેતા તા.૮/૪/૨૦૨૬ ના રોજ આંક-૧૬ થી રજુ સોગંદનામું ડીસ્કાર્ડ કરવાનું હુકમ કરેલ. નામ.સુપ્રીમ કોર્ટનો ચુકાદો વિધ્યાધર વિરુધ્ધ માનીકરાવ, એ.આઇ.આર ૧૯૯૯ એસ.સી ૧૪૪૧ માં નામ. સુપ્રીમ કોર્ટે એવુ તારણ આપેલ કે, પક્ષકાર દાવામાં આવતા ના હોય અને વીટનેશ બોક્સમાં જુબાની માટે હાજર રહેતા ના હોય અને તેમની ઉલટતપાસ માટે હાજર રાખતા ના હોય તો તેમના સોગંદ ઉપરનો પુરાવો ગ્રાહય રાખવાપાત્ર નથી. જેથી આંક-૧૬ થી રજુ પુરાવારુપી સોગંદનામા માં જણાવેલ હકીકતો પુરાવામાં ગ્રાહય કરી શકાય તેમ નથી. વધુમાં આંક-૧૯ થી રજુ દસ્તાવેજોની ફોટોકોપી જે રજુ છે તેને પણ બીજાપક્ષકાર તરફે પુરવાર કરવામાં આવેલ ના હોવાથી તે દસ્તાવેજોને પણ પુરાવામાં ગ્રાહય ગણી શકાય નહી. જેથી બીજાપક્ષકાર ધ્વારા માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતો પુરવાર કરવામાં આવેલ નથી. વધુમાં બીજાપક્ષકારને પુરતી તક આપવા છતાં હાજર રહી માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકત મૌખિક પુરાવા કે દસ્તાવેજી પુરાવા રજુ કરી પુરવાર કરેલ નથી. તેમ છતાં આ કામે કામદાર ભલે પોતાના પુરાવા આપવા હાજર થયેલ ન હોય પરંતુ રજુ થયેલ દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેતાં અદાલતે ગુણદોષનાં આધારે કેસનો નિર્ણય કરવાનો હોય છે. જયારે નામદાર ગુજરાત હાઈકોર્ટનાં જી.એલ.આર. ૨૦૦૪ (૨) પાના નં.૧૪૭૫ મોહિતોષદાસમાં ઠરાવવામાં આવેલ છે કે, કામદાર પુરાવો આપે કે ન આપે, પરંતુ નામદાર અદાલત સમક્ષ જે કાંઈ દાવા અરજી, દાવા અરજીનો જવાબ અને રજુ થયેલા દસ્તાવેજ હોય તેના ઉપરથી નામદાર અદાલતે મેરીટ ઉપર જજમેન્ટ આપવા જોઈએ. પરંતુ કોઈપણ સિવિલ પ્રકારનાં કેસમાં પ્રત્યેક પક્ષકારોને પોતાના કેસની હકીકતો સોગંદ ઉપર તેમજ દસ્તાવેજોથી બંને રીતે પુરવાર કરવી જોઈએ. હાલનાં કામે કામદાર પોતાના કેસની કોઈ હકીકત સોગંદ ઉપર પુરવાર કરેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવો આપેલ નથી તેમજ સદર કામે જે રેફરન્સ અન્વયે રેકર્ડ રજુ છે તેમાં એવી કોઈ હકીકત રેકર્ડે આવેલ નથી કે બીજાપક્ષકારની તરફેણમાં કોઈ હુકમ પસાર કરી શકાય. વધુમાં સિવિલ કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે પ્રત્યેક પક્ષકારે પોતાનો કેસ પુરવાર કરવો જોઈએ. હાલનાં કામે જોવામાં આવે તો બીજાપક્ષકાર તરફે કામદારે હાજર થઈને આવી કોઈ હકીકતો પુરવાર કરેલ નથી. જેથી બીજાપક્ષકાર કામદારનો

રેફરન્સ ગ્રાહય રાખી શકાય તેમ નથી. તેથી ન્યાયનાં હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

**(૧)** બીજાપક્ષકાર કામદારનો **રેફરન્સ (આઈ.ટી.) નં.૧૩૬/૨૦૧૮** આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

**(૨)** ઔધોગિક વિવાદ ધારા અન્વયે એવોર્ડ પ્રસિધ્ધી અર્થે મોકલવો.

**(૩)** રેફરન્સનાં ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**(૪)** વધુમાં સદર રેફરન્સનો એવોર્ડ કામદાર/બીજાપક્ષકારની ગેરહાજરીના લીધે એકતરફી પસાર કરેલ હોવાથી સંબંધીત પક્ષકાર ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ રુલ્સ ૧૯૬૬ ના રુલ ૨૬-એ મુજબ પુન:સ્થાપનની અરજી કાયદાકીય સમય મર્યાદામાં કરી શકશે અને તે અરજીનો નિર્ણય ખર્ચને આધીન રહેશે.

Digitally signed by
RAJENDER SINGH
at Kalol
on 07/05/2026 17:04:16 IST.

તા. ૦૭/૦૫/૨૦૨૬
સ્થળ:- કલોલ.

(રાજેન્દર સિંધ)
કોડ નંબર જીજે-૦૧૦૮૫
પ્રમુખ અધિકારી,
ઔધોગિક ન્યાયપંચ,અમદાવાદ,
(કલોલ/મહેસાણા કોર્ટ સિટીંગ)